# 2

# ઘસારાના હિસાબો

**વિભાગ A**

**નીચે આપેલ બહુવિકલ્પ પ્રશ્નો માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની સામે આપેલ ખાનામાં લખો :**

**1.** ઘસારો ધંધાની કઈ મિલકત પર ગણાય છે ? [ ]

(a) ચાલુ (b) કાયમી (c) પ્રવાહી (d) અવાસ્તવિક

**2.** ઘટતી જતી બાકીની પદ્ધતિમાં ઘસારાની રકમ કઈ કિંમત પર ગણવામાં આવતી નથી ? [ ]

(a) ચોપડે કિંમત (b) વેચાણ કિંમત

(c) ઘસારા બાદ કિંમત (d) મિલકતની શરૂની બાકી

**3.** કઈ પદ્ધતિમાં ઘસારાની રકમ દર વર્ષે ક્રમશઃ ઘટતી જાય છે ? [ ]

(a) સીધી લીટીની પદ્ધતિ (b) ઘટતી જતી બાકીની પદ્ધતિ

(c) પુનઃમુલ્યાંકન પદ્ધતિ (d) માઈલેજ પદ્ધતિ

**4.** ઘસારાની ગણતરી કરતી વખતે ઘસારા પાત્ર રકમ નક્કી કરવા મિલકતની અંદાજિત ભંગારકિંમત મિલકતની પડતરકિંમતમાંથી શું કરવામાં આવે છે ? [ ]

(a) ઉમેરવામાં આવે (b) બાદ કરવામાં આવે (c) ભાગવામાં આવે (d) ગુણવામાં આવે

**5.** ઘસારો કયા પ્રકારનો ખર્ચ છે ? [ ]

(a) મૂડી ખર્ચ (b) મહેસૂલી ખર્ચ (c) અવાસ્તવિક ખર્ચ (d) રોકડ ખર્ચ

**6.** કઈ પદ્ધતિમાં ઘસારો અને મરામત ખર્ચ વચ્ચે યોગ્ય સમતુલન જાળવી શકાતું નથી ? [ ]

(a) યાંત્રિક કલાક દર પદ્ધતિ (b) ચક્રવૃદ્ધિ વ્યાજની પદ્ધતિ

(c) ઘટતી જતી બાકીની પદ્ધતિ (d) સીધી લીટીની પદ્ધતિ

**7.** તા. 1-4-18 ના રોજ યંત્ર ખાતાની બાકી ₹ 1,40,000 છે. આ યંત્ર તા. 1-4-15 ના રોજ ખરીદવામાં આવ્યું હતું. કંપની દર વર્ષે 10 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણે છે. યંત્રની પડતરકિંમત .......... ₹ થાય. [ ]

(a) ₹ 1,40,000 (b) ₹ 1,70,000 (c) ₹ 2,00,000 (d) ₹ 2,20,000

**8.** યંત્ર વેચાણનો નફો ક્યાં લખાય છે ? [ ]

(a) યંત્ર ખાતાની જમા બાજુ (b) યંત્ર ખાતાની ઉધાર બાજુ

(c) ઘસારા ખાતાની જમા બાજુ (d) ઘસારા ખાતાની ઉધાર બાજુ

**9.** X લિમિટેડ 6 % લેખે સરખા હપતાની પદ્ધતિએ ઘસારો ગણે છે. જો યંત્રોની વાર્ષિક ઘસારાની રકમ ₹ 12,000 હોય તો યંત્રની પડતરકિંમત .......... થાય. [ ]

(a) ₹ 1,80,000 (b) ₹ 1,20,000 (c) ₹ 2,00,000 (d) ₹ 2,40,000

**10.** તા. 1-4-16 ના રોજ Y લિમિટેડે એક યંત્ર ખરીદ્યું. યંત્ર પર ઘટતી જતી બાકીની પદ્ધતિએ 10 % ઘસારો ગણતા તા. 31-3-18 ના રોજ ₹ 6480 ઘસારાની નોંધ કરી હોય, તો યંત્રની મૂળકિંમત .......... થાય. [ ]

(a) ₹ 36,000 (b) ₹ 1,08,000 (c) ₹ 64,800 (d) ₹ 72,000

**11.** એક યંત્ર તા. 1-4-15 ના રોજ ₹ 60,000 માં ખરીદ્યું. 10 % લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ તા. 1-1-18 ના રોજ યંત્રનો ઘસારો .......... થાય. [ ]

(a) ₹ 1215 (b) ₹ 2430 (c) ₹ 3645 (d) ₹ 4860

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

**1.** વાર્ષિક હિસાબોની ગણતરી વખતે ઘસારો ક્યાં લખવામાં આવે છે ?

**2.** ઘસારાને કારણે મિલકતોના વપરાશી કે ઉપયોગિતા મૂલ્યમાં શું થાય છે ?

**3.** મિલકત કેટલા હિસાબી વર્ષ માટે ઉપયોગમાં લેવાતી હોય ત્યારે તે ઘસારાપાત્ર ગણાય ?

**4.** મિલકતની પડતરકિંમત એટલે શું ?

**5.** યંત્ર વેચતા થયેલ નુકસાન કયા ખાતે કઈ બાજુ લખાય છે ?

**6.** સરખા હપતાની પદ્ધતિએ વાર્ષિક ઘસારાની રકમ શોધવાનું સૂત્ર આપો.

**7.** સીધી લીટીની પદ્ધતિમાં ઉપયોગી આયુષ્યના અંતે મિલકતની કિંમત કેટલી થાય છે ?

**8.** વાર્ષિક ઘસારાની રકમ યંત્ર ખાતે જમા થશે કે ઉધાર ?

**9.** 'X' કોર્પોરેશનના ચોપડામાં તા. 1-4-18 ના રોજ યંત્ર ખાતાની બાકી ₹ 1,30,000 છે. 10 % લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવે છે. તા. 30-9-18 ના રોજ તેની ચોપડેકિંમત પર 10 % લેખે નુકસાનથી વેચવામાં આવે તો યંત્ર વેચાણનું નુકસાન શોધો.

**10.** એક યંત્ર તા. 1-4-16 ના રોજ ₹ 1,20,000 માં ખરીદ્યું. કંપની તેના યંત્રો પર 8 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણે છે. તા. 31-3-18 ના રોજ યંત્રની ઘસારા બાદ કિંમત કેટલી હશે ?

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના ઉકેલ લખો :**

**1.** શારદા લિમિટેડે તા. 1-4-2016ના રોજ ₹ 47,700ની કિંમતનું યંત્ર ખરીદ્યું. યંત્ર ગોઠવવાનો ખર્ચ ₹ 750 થયો. જો યંત્રની ભંગારકિંમત તેનાં 12 વર્ષના અંદાજિત આયુષ્યના અંતે ₹ 10,950 અંદાજવામાં આવી હોય, તો વાર્ષિક ઘસારાની રકમ અને વાર્ષિક ઘસારાનો દર શોધો. કંપનીનું હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે. પ્રથમ ત્રણ વર્ષની આમનોંધ, યંત્રખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો. પ્રથમ વર્ષના વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો. કંપની સરખા હપતાની પદ્ધતિએ ઘસારો ગણે છે.

**2.** જમના ઍન્ડ કંપનીએ તા. 1-4-2017ના રોજ ₹ 1,58,400ની કિંમતનું યંત્ર ખરીદ્યું. યંત્ર-ગોઠવણીનો ખર્ચ ₹ 3600 થયો. જો દર વર્ષે 14 % લેખે સરખા હપતાની પદ્ધતિએ ઘસારો ગણવાનો હોય, તો પ્રથમ બે વર્ષ માટે યંત્ર ખાતું અને ઘસારા ખાતું તૈયાર કરી પ્રથમ વર્ષે વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

**3.** વિજય કૉર્પોરેશનના ચોપડામાં તા. 1-4-2018ના રોજ યંત્ર ખાતાની બાકી ₹ 2,16,000 છે. આ યંત્ર છ વર્ષ પહેલાં ખરીદવામાં આવેલ હતું. તા. 31-3-2019ના રોજ યંત્ર તેની ચોપડે કિંમત પર 25 % નફા સાથે વેચી દેવામાં આવ્યું. કંપની દર વર્ષે 10 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણે છે. ઉપરની વિગતો પરથી જરૂરી આમનોંધ લખો અને યંત્રખાતું તૈયાર કરો.

**4.** અનંત ઍન્ડ સન્સે તા. 1-4-2016ના રોજ ₹ 88,200નું યંત્ર ખરીદ્યું. ₹ 1800 ગોઠવણી અંગેનો ખર્ચ થયો. તા. 31-3-2019ના રોજ ચોપડે કિંમત પર 10 % નુકસાનથી યંત્ર વેચી દીધું. દર વર્ષે 15 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણવાનો છે. યંત્રખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો.

**5.** વિસ્મય લિમિટેડે તા. 1-4-2016ના રોજ ₹ 1,20,000ની કિંમતે એક યંત્ર ખરીદ્યું. તા. 1-12-2017ના રોજ ₹ 96,000ની કિંમતે બીજું યંત્ર ખરીદ્યું. દર વર્ષે 10 % લેખે સરખા હપતાની પદ્ધતિએ ઘસારો ગણવામાં આવે છે. પ્રથમ ખરીદેલ યંત્ર તા. 31-3-2019ના રોજ તેની ચોપડે કિંમત પર 30 % નુકસાન સાથે વેચી દીધું. યંત્રખાતું તૈયાર કરો અને 2018-19ના વર્ષની આમનોંધ લખો.

**6.** મીના ઈન્ડસ્ટ્રિઝે તા. 1-4-2016ના રોજ ₹ 4,34,000નું એક યંત્ર ખરીદ્યું. આ યંત્રને લાવવાનો તથા ગોઠવવાનો ખર્ચ ₹ 56,000 થયો. યંત્રને ઉપયોગમાં લાવતાં પહેલાં ₹ 70,000નો સમારકામનો ખર્ચ થયો. તા. 1-10-2017ના રોજ બીજું નવું યંત્ર ₹ 4,76,000માં ખરીદ્યું. જેનો ગોઠવવાનો ખર્ચ ₹ 28,000 થયો. પ્રથમ ખરીદેલ યંત્ર તા. 30-9-2018ના રોજ તેની ચોપડે કિંમત પર 50 % નુકસાન સાથે વેચી દીધું. તા. 31-3-2019 સુધીનું યંત્રખાતું તૈયાર કરો અને વાર્ષિક હિસાબોમાં 2016-17ના વર્ષની હિસાબી અસર દર્શાવો. કંપની યંત્રો પર દર વર્ષે 12 % લેખે સીધી લીટી-પદ્ધતિ પ્રમાણે ઘસારો ગણે છે.

**7.** સુરભિ લિમિટેડના ચોપડે તા. 1-4-2016ના રોજ યંત્રખાતું ₹ 2,70,000ની બાકી દર્શાવે છે. આ યંત્ર પાંચ વર્ષ પહેલાં ખરીદવામાં આવ્યું હતું. આ યંત્ર પર અત્યાર સુધી કુલ ઘસારો ₹ 90,000 માંડી વાળવામાં આવ્યો હતો. તા. 1-1-2018ના રોજ ₹ 54,000નું એક બીજું યંત્ર ખરીદવામાં આવેલ છે. બીજું યંત્ર કંપનીને અનુકૂળ ન પડતાં તા. 31-12-2018ના રોજ ₹ 40,000માં વેચી દીધું. કંપની દર વર્ષે 5 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણે છે. ઉપરની માહિતી પરથી કંપનીના ચોપડે તા. 31-3-2019 સુધીનું યંત્રખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો.

**8.** સંકેત મશીન ટૂલ્સ લિમિટેડે તા. 1-4-2016ના રોજ ₹ 1,84,500નાં યંત્રો ખરીદ્યાં. આ યંત્રો ગોઠવવાનો ખર્ચ ₹ 18,000 થયો. કંપનીએ તા. 1-10-2018ના રોજ બીજા ₹ 1,57,500નાં યંત્રો ખરીદ્યાં, જેનો ગોઠવણીનો ખર્ચ ₹ 4500 થયો. કંપની દર વર્ષે 8 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણે છે. તા. 31-3-2019ના રોજ તા. 1-4-2016ના રોજ ખરીદેલાં યંત્રો પૈકી 40 % યંત્રો તેની ચોપડે કિંમત પર 50 % નફા સાથે વેચી દીધા.

ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે તા. 31-3-2019 સુધીનું યંત્રખાતું તેમજ વર્ષ 2018-19ના વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

**9.** યુસુફ લિમિટેડે તા. 1-4-16ના રોજ 2,88,000ની કિંમતનું એક યંત્ર ખરીદ્યું. આ યંત્રનો ગોઠવવાનો ખર્ચ ₹ 12,000 થયો. દર વર્ષે ઘટતી જતી બાકીની પદ્ધતિ મુજબ 20 % લેખે ઘસારો ગણવાનો છે. ઘસારાની રકમ શોધો. પ્રથમ ત્રણ વર્ષની આમનોંધ યંત્રખાતું અને ઘસારા ખાતું તૈયાર કરો. પ્રથમ બે વર્ષની વાર્ષિક હિસાબોમાં અસર દર્શાવો.

**10.** શીલા કૉર્પોરેશનના ચોપડામાં તા. 1-4-2018ના રોજ યંત્રખાતાની બાકી ₹ 1,50,000 છે. કંપની દર વર્ષે 12 % લેખે ઘટતી જતી બાકીની રીતે ઘસારો ગણે છે. તા. 1-1-2019ના રોજ આ યંત્ર તેની ચોપડે કિંમત પર 40 % નુકસાન સાથે વેચી દેવામાં આવ્યું.

ઉપરની વિગતોને આધારે કંપનીના ચોપડે જરૂરી આમનોંધ અને યંત્રખાતું તૈયાર કરો.

**11.** વિશ્વ લિમિટેડે તા. 1-4-2016ના રોજ એક યંત્ર ₹ 1,66,500માં ખરીદ્યું. તેને ગોઠવવાનો ખર્ચ ₹ 13,500 થયો. તા. 1-11-2017ના રોજ બીજું યંત્ર ₹ 1,53,000માં ખરીદ્યું, જેને ગોઠવવાનો ખર્ચ ₹ 9000 ચૂકવ્યો. કંપની દર વર્ષે 10 % લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિએ ઘસારો ગણે છે. પ્રથમ યંત્ર તા. 31-3-2019ના રોજ તેની ચોપડે કિંમત પર 25 % નફાથી વેચી દેવામાં આવ્યું.

ઉપરની માહિતી પરથી ત્રણ વર્ષ માટે યંત્રખાતું અને પ્રથમ વર્ષની આમનોંધ લખો.

**12.** સુરેશ એજન્સીના ચોપડે તા. 1-4-2018ના રોજ યંત્રખાતાની શરૂની બાકી ₹ 1,72,900 છે. આ યંત્રો પૈકી એક યંત્ર તા. 1-4-2015ના રોજ ₹ 1,00,000ની પડતર કિંમતે ખરીદ્યું હતું. આ યંત્ર તા. 31-3-2018ના રોજ ₹ 47,500માં વેચી દીધું. યંત્રો પર 10 % લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિ મુજબ ઘસારો ગણવામાં આવે છે. તા. 31-3-2019ના રોજ પૂરા થતાં વર્ષ માટે યંત્રખાતું તૈયાર કરો.

**13.** ઈશા ઈન્ડસ્ટ્રિઝના ચોપડામાં તા. 1-4-2016ના રોજ યંત્રખાતાની બાકી ₹ 2,45,000 હતી. આ જ તારીખે ₹ 1,75,000નું નવું યંત્ર ખરીદવામાં આવ્યું. તા. 1-4-2016ના રોજ ખરીદેલ યંત્રને તા. 31-12-2017ના રોજ ચોપડે કિંમત પર 20 % નફા સાથે વેચી દીધું. યંત્રો પર 20 % લેખે ઘટતી જતી બાકીની પદ્ધતિ મુજબ ઘસારો ગણવામાં આવે છે. તા. 31-3-2018 સુધીનું યંત્રખાતું તૈયાર કરો.

**14.** અમદાવાદ લિમિટેડે તા. 1-4-2017ના રોજ એક યંત્ર ₹ 2,92,000માં ખરીદ્યું. આ યંત્ર ગોઠવવાનો ખર્ચ ₹ 8000 થયો છે. યંત્ર પર 8 % લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણવાનું નક્કી થયેલ છે. આ કંપનીમાં ઘસારાની જોગવાઈનું ખાતું ઊભું કરવાની પદ્ધતિ મુજબ ઘસારો નોંધવામાં આવે છે.

ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે પ્રથમ બે વર્ષની આમનોંધ, પ્રથમ બે વર્ષ માટેનું ઘસારાની જોગવાઈનું ખાતું તથા પ્રથમ બે વર્ષનું ઘસારા ખાતું તૈયાર કરો.

◆